# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૯/ક્વા-૦૪/૨૦૨૨-૨૩/ 1368-1 તારીખ : ૨૧ - ૦૩ - ૨૩

રજી. એડી. પત્ર

પ્રતિ,
શ્રી અમરશીભાઈ નરશીભાઈ વાડોલીયા
શાંતીનિકેતન પાર્ક -૧,જે.એમ.સી.નગર સામે,રૈયા રોડ ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૭
મોબાઈલ : ૯૮૯૮૨૭૦૦૧૧

વિષય : એવરેજ બીલમાં રાહત કરી આપવા બાબતે.

સંદર્ભે: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૯/ક્વા-૦૪/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રૈયા રોડ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૯/ક્વા-૪/૨૨-૨૩/ ૧૩૬૪ -૧ તા. ૧૧-૦૩-૨૩

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૦૯/ક્વા-૪/૨૨-૨૩, તા.૨૫-૦૧-૨૦૨૩

અરજદાર : શ્રી અમરશીભાઇ નરશીભાઈ વાડોલીયા, ગામ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદાર વતી ધવલભાઈ કિશોરભાઈ હીરપરા

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૨

રજૂઆત કરનાર : શ્રી એચ. એમ.ભોજાણી, કાર્યપાલક ઈજનેર અને તેમની સાથે શ્રી જી. એમ. ગોહેલ નાયબ અધીક્ષક, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨

:: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૨૧.૦૨.૨૦૨૩ (મંગળવાર) અને ૦૪.૦૩.૨૦૨૩ (શનિવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૧.૦૨.૨૦૨૩ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં અરજદાર હાજર રહેલ ન હતા, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી શ્રી એચ.એમ.ભોજાણી, કાર્યપાલક ઈજનેર અને તેમની સાથે શ્રી જી. એમ. ગોહેલ નાયબ અધીક્ષક, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨ હાજર રહેલ હતા, ત્યારબાદ અરજદારને ફરી એક વખત રૂબરૂ રજૂઆતની તક આપવા માટે સદર કેસની સુનાવણી તા.૦૪.૦૩.૨૦૨૩ (શનિવાર) ના રોજ રાખવામાં આવેલ હતી જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી અમરશીભાઈ નરશીભાઈ વાડોલીયા ૧.૦૦ કિ.વો.નુ ઘરવપરાશનું વીજજોડાણ ગ્રાહક નં.૬૧૬૧૦/૦૦૧૫૩/૪ થી ધરાવે છે. સદર વીજજોડાણનું મીટર બંધ થયા બાદ મૌખીક રજૂઆત તેમજ લેખિતમાં બે વખત અરજી આપવામાં આવેલ, ત્યારે ૦૩ માસ પછી મીટર બદલાવી આપેલ.

૨.૧ ઉપરોક્ત મીટરના લેબ પરીક્ષણમાં મીટર ડિસ્પ્લે બંધ આવેલ છે. પરીણામે ચાર (૦૪) માસનું એવરેજ બીલ તા.૦૫.૧૨.૨૦૨૨ બજવેલ જે ખુબજ વધુ આવેલ છે, અને અધિકારી દ્વારા ઉધ્ધતાઈ ભર્યું વર્તન

કરી કનેકશન કાપી નાખવાની ધમકી આપવામાં આવેલ. તા.૦૯.૧૨.૨૦૨૨ ના રોજ પીજીવીસીએલની સંલગ્ન કચેરીમાં કરેલ લેખિત રજૂઆત મુજબ MRI ડેટા કંપનીમાંથી કરાવીને વીજબીલમાં જરૂરી રકમ જમા આપવા વિનંતી કરેલ છે. વધુમાં વિવાદિત બીલની ૫૦% રકમ ભરપાઈ કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત મુજબ અરજદારશ્રી ૧.૦ કિ.વો.નુ ઘરવપરાશનું વીજજોડાણ ગ્રાહક નં.૬૧૬૧૦/૦૦૧૫૩/૪ થી ધરાવે છે.

૩.૧ અરજદાર ગ્રાહકનું વીજમીટર ફોલ્ટી થતા માહે ઓગષ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૨ નુ બીલ તારીખ ૨૪-૦૯-૨૦૨૨ ના રોજ કંપનીના નિયમ મુજબ ૧૨૬૦ યુનિટનું ફોલ્ટી મીટર સ્ટેટ્સ મુજબ બીલ આપેલ.

૩.૨ સદર ગ્રાહકનું મીટર તા.૨૮.૧૦.૨૦૨૨ ના રોજ રૈયારોડ પેટાવિભાગીય કચેરી દ્વારા બદલવવામાં આવેલ હતું. જેનું લેબ રોજકામ તા.૧૬.૧૧.૨૦૨૨ ના રોજ થતા ડિસ્પ્લે ઓફ આવેલ. ત્યારબાદ મીટર બદલ્યા બાદ માહે ઓક્ટોબર-નવેમ્બર-૨૦૨૨ નુ સીસ્ટમ દ્વારા ૧૨૬૦ યુનિટનું બીલ જનરેટ થયેલ, જેમાં લેબ રીપોર્ટ આધારે ગ્રાહકના બિલીંગ પીરીયડ મુજબ ફોલ્ટીના દિવસોના યુનિટ તથા મીટર બદલ્યા બાદના યુનીટની ગણતરી કરી નામદાર GERC ના નોટીફીકેશન રેગ્યુલેશન ૪/૨૦૧૫ ના પર નં-૬.૫૮ મુજબ ૧૨૬૦ યુનીટમાંથી ગ્રાહક ખાતે ઉધારવા પાત્ર ૮૫૪ યુનિટ ઉધારી, જમા આપવા પાત્ર ૪૦૬ યુનિટ રૂ.૨૯૫૪=૮૨ ની રકમ રૈયારોડ પેટાવિભાગીય કચેરી દ્વારા ગ્રાહકના બીલમાં જમા આપેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## ::હુકમ::

અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી અમરશીભાઈ નરશીભાઈ વાડોલીયા ઘરવપરાશનું વીજજોડાણ ગ્રાહક નં.૬૧૬૧૦/૦૦૧૫૩/૪ થી ૧.૦ કિ.વો.નુ ધરાવે છે.

૪.૨ અરજદાર દ્વારા છેલ્લા ૦૩ વખત મીટર બદલવા માટે તા.૦૯-૧૨-૨૦૨૨, તા.૧૨-૦૧-૨૦૨૩ ત્યારબાદ ફોરમમાં તા.૨૪-૦૧-૨૦૨૩ ના રોજ પીજીવીસીએલમાં અરજી કરેલ. પીજીવીસીએલ પક્ષકાર દ્વારા મીટર સમયસર ન બદલાવેલ હોવાથી સરેરાશ વીજબીલ ભરપાઈ કરવાની ફરજ પડેલ છે. તેમજ સંલગ્ન ઓફીસના અધિકારી દ્વારા ઉદ્ધતાઈભર્યું વર્તન અને કનેક્શન કાપી નાખવાની ધમકી આપવામાં આવેલ છે. વધુમાં, અરજદારના પિતાશ્રીની તબિયત ખરાબ હોય સારવાર ચાલી રહેલ હોવાથી ૫૦% રકમ સંલગ્ન ઓફીસમાં ભરપાઈ કરી આપેલ છે. આમ, અરજદારે ન્યાય મેળવવા માટે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.3 પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત મુજબ માહે ઓગષ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૨ નું બીલ અરજદારને ફોલ્ટી મુજબ આપેલ છે ત્યારબાદ તા.૨૮-૧૦-૨૦૨૨ ના રોજ અરજદારનું સદર મીટર બદલાવવામાં આવેલ, જેમાં જોડાયેલ કુલ વીજભાર ૩.૮૫૫ કીવો નોંધાયેલ છે, અને જુના મીટરના હાલના રીડીંગ અવાચ્ય બતાવેલ છે. સદર મીટરનું મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૧૬.૧૧.૨૦૨૨ ના રોજ અરજદારના પ્રતિનિધિની હાજરીમાં ચકાસણી કરવામાં જેના લેબ રીપોર્ટ મુજબ મીટરનો ટર્મિનલ બ્લોક બળી ગયેલ છે તેમજ મીટરનો ડિસ્પ્લે બંધ આવેલ છે આમ, મીટર ફોલ્ટી થઇ ગયેલ છે.

૪.૪ અરજદારને વીજબીલ માહે ઓક્ટોબર-નવેમ્બર-૨૦૨૨ નું મીટર બદલ્યા બાદ બિલીંગ પ્રોગ્રામ મુજબ સરેરાશ ૧૨૬૦ યુનીટનું બીલ આપેલ, ત્યારબાદ અરજદારની રજૂઆત ધ્યાને લઇને લેબરીપોર્ટના આધારે મીટર બદલ્યા પહેલાના દિવસોના યુનીટ અરજદારના સરેરાશ વપરાશને ધ્યાને લઇને તથા

મીટર બદલ્યા બાદના વાસ્તવિક યુનીટની ગણતરી કરી નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના ક્લોઝ નં ૬.૫૮ મુજબ ૧૨૬૦ યુનીટ માંથી ૮૫૪ યુનીટ ગણતરીમાં લઈને ૪૦૬ યુનીટના રૂ.૨૯૫૪=૮૬ અરજદારના બિલીંગ ખાતામાં જમા આપેલ છે.

૪.૫ અરજદારના બિલીંગ પી.આર.ટી.-૧૪૫ મુજબ વીજવપરાશની વિગત નીચે મુજબ નોંધાયેલ છે.

| Month / Year | 2020 | | | 2021 | | | 2022 | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | S | unit | C.R. | S | unit | Date | C.R. | S | unit |
| Dec,Jan | 23202 | | 236 | 799 | | 0 | 23-01-22 | 2749 | | 497 |
| Feb, Mar | 23202 | N | 470 | 1069 | | 270 | 31-03-22 | 3768 | | 1019 |
| Apr,May | 25555 | | 2353 | 412 | M/C 5-5-21 | 412 | 04-06-22 | 5550 | | 1782 |
| Jun,Jul | 26509 | | 954 | 1069 | | 657 | 30-07-22 | 6559 | | 1009 |
| Aug,Sep | 27393 | | 884 | 1582 | | 513 | 24-09-22 | 6559 | F | 1260 |
| Oct, Nov | 28007 | | 614 | 2252 | | 670 | 24-11-22 | 140 | M/C - 28-10-22<br>6559 – 6559 = 0 (Old)<br>140-1=139 (New) | 1260 |

**Note: C.R. =Current Reading, S = Meter Status, M/C = METER CHANGE, F=FAULTY, Old = Old Meter, New=New Meter**

૪.૬ ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા મીટરરીડર દ્વારા વીજબીલ માહે જુન-જુલાઈ-૨૦૨૨ નું તા.૩૦.૦૭.૨૦૨૨ ના રોજ મીટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ અપાયેલ છે ત્યારબાદ માહે ઓગષ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૨ નું બીલ તા.૨૪.૦૯.૨૦૨૨ ના રોજ મીટરમાં ડિસ્પ્લે બંધ હોય, "F" સ્ટેટ્સ મુજબ સરેરાશ વીજવપરાશ પ્રમાણે વીજબીલ આપેલ છે. ત્યારબાદ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર મીટર તા.૨૮.૧૦.૨૦૨૨ ના રોજ સદર મીટર બદલાવેલ, જેના લેબ રીપોર્ટ મુજબ મીટર ફોલ્ટી આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

પીજીવીસીએલ દ્વારા વીજબીલ માહે ઓક્ટોબર-નવેમ્બર-૨૦૨૨ નું મીટર રીડર દ્વારા તા.૨૪.૧૧.૨૦૨૨ ના રોજ મીટરચેન્જની સ્થિતિમાં જુના મીટરના રીડીંગ પ્રમાણે (૬૫૫૯-૬૫૫૯) "૦" યુનીટ અને નવા મીટરમાં તા.૨૮.૧૦.૨૦૨૨ થી તા.૨૪.૧૧.૨૦૨૨ સુધી નોંધાયેલ વીજ વપરાશના રીડીંગ પ્રમાણે (૧૪૦-૧) ૧૩૯ યુનીટ જે અરજદારના સરેરાશ વપરાશ કરતા ઓછા યુનીટ નોંધાયેલ હોવાથી બિલીંગ પ્રોગ્રામ મુજબ સરેરાશ વપરાશ પ્રમાણે ૧૨૬૦ યુનીટનું બીલ અરજદારને આપેલ છે, જે અરજદારની રજૂઆત મુજબ વધુ હોય તેમજ મીટરના એમ.આર.આઈ. કરાવીને તેમાં નોંધાયેલ રીડીંગ મુજબ બીલ આપવા અને મીટર બદલવાની રજૂઆત કરવા છતાં સમયસર મીટર બદલવાની કાર્યવાહી વિલંબિત થવાથી એવરેજ બીલ આપેલ છે, જે યોગ્ય ન હોય અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૭ (A) નામદાર GERC ના ધારાધોરણ–એટલેકે નોટીફીકેશન નંબર : ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૬.૫૮ માં કરાયેલ જોગવાઈ મુજબ "....ખામીયુક્ત મીટર જણાય તે તારીખથી તરત અગાઉના છેલ્લા ૦૩ બીલિંગ અવધીના સરેરાશ વીજવપરાશના બીલો ના આધારે ગ્રાહકને બિલ આપવું, પુરતી વિગતો પ્રાપ્ય ન હોય તો તે પછીની મુદતના બે/ત્રણ બિલની અવધી દરમ્યાન સરેરાશ વીજવપરાશ ગણતરીમાં લઇ શકાય આ ખર્ચ અધિકતમ માત્ર ૦૩ ત્રણ બિલિંગ અવધી માટે વસુલવાપાત્ર થશે..."

(B) નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૧૦ / ૨૦૦૫ ના ક્લોઝ નં ૮.૧ (C) નીચે મુજબ નોંધાયેલ છે.

> **"If a complaint is made by the consumer about the working of the meter and he requests for replacement, it shall be replaced within 7 days provided it is established through suitable in-situ or laboratory checks that the meter is not performing to required standards. In case of a lab test, the test report shall be supplied to the consumer"**

૪.૮ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારની ફરિયાદ અન્વયે કરાયેલ લેખિત રજૂઆત તા.૦૯.૦૨.૨૦૨૩ મુજબના ઉપરોક્ત મુદ્દા નં ૩.૨ મુજબની વિગતે અરજદારને અપાયેલ માહે ઓક્ટોબર-નવેમ્બર-૨૦૨૨ નું બીલ તા.૨૪.૧૧.૨૦૨૨ ઉપરોક્ત સપ્લાય કોડ ૬.૫૮ ધ્યાને લઇને રીવાઈઝ કરેલ છે તે મુજબ ૧૨૬૦ યુનીટમાંથી ગ્રાહક ખાતે ઉધારવા પાત્ર ૮૫૪ યુનિટ ઉધારી, જમા આપવા પાત્ર ૪૦૬ યુનિટ રૂ.૨૯૫૪=૮૨ ની રકમ રૈયારોડ પેટાવિભાગીય કચેરી દ્વારા ગ્રાહકના બીલમાં જમા આપેલ છે, જે રકમ નિયમાધીન યોગ્ય છે, જે રકમ અરજદારે નિયમાનુસાર ભરપાઈ કરવાની રહેશે, વધુમાં અરજદારનું મીટર તા.૨૪.૦૯.૨૦૨૨ ના વીજબીલ મુજબ મીટર ફોલ્ટી હોવા છતાં પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સમયસર મીટર બદલવાની કાર્યવાહી કરાયેલ નથી, જે ગંભીર બાબત હોય, સદર પ્રકારની ભૂલનું પુનરાવર્તન ભવિષ્યમાં ન થાય તે અંગે યોગ્ય પગલા લેવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૯ અરજદારની રજૂઆત મુજબ મીટરના એમ.આર.આઈ. અહેવાલ મુજબ બીલ સુધારી આપવા રજૂઆત કરેલ છે, તેમજ સદર કેસની સુનાવણી દરમ્યાન અરજદાર દ્વારા થર્ડ પાર્ટી મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં મીટર ટેસ્ટ કરવાની રજૂઆત કરેલ છે. સદર રજૂઆત અન્વયે નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના ક્લોઝ ૬.૩૦ મુજબ **"The meter may be tested for accuracy at a third party facility approved by the Commission, if so desired by the consumer. The list of third party agencies approved by the Commission for testing of meters shall be available on the website of the licensee"**

ઉપરોક્ત બાબતે અરજદારની સવાલવાળા મીટરની થર્ડ પાર્ટી મીટર ટેસ્ટીંગ કરવાની રજૂઆત હોવાથી થર્ડ પાર્ટી મીટર ટેસ્ટીંગ એજન્સીની વિગત અત્રે જણાવેલ વેબસાઈટની લીંક **https://gercin.org/third-party-meter-testing-laboratories** પર ઉપલબ્ધ છે.

૪.૧૦ સદર કેસમાં ઉપરોક્ત મુદ્દા નં ૪.૮ અને ૪.૯ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ – ૩૬૦૦૦૧.